જાન્યુઆરી ૨૦૧૬
કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## સુપર હ્યુમન

# સંપાદકીય

*બાળમિત્રો,*

*આપણે ઘણીવાર એવા લોકોના પરિચયમાં આવતા હોઈએ છીએ જેને લોકો 'દેવ' જેવા છે એવું કહેતા હોય છે.*

*શું ક્યારેય વિચાર્યું છે કે બધા જ લોકો જેમને 'દેવ' જેવા છે એવું કહે છે તો એ વ્યક્તિઓ કેવી હશે?*

*ના?*

*તો આ અંક જરૂરથી વાંચજો. આ અંક વાંચવો તમને બહુ જ ગમશે. અને વાંચ્યા પછી તમે બધા પણ નવી રીતે જીવન જીવવાની શરૂઆત કરશો.*

*હા, સાચે જ.*

*-ડિમ્પલ મહેતા*



## સુપર હ્યુમન

# અક્રમ એક્સપ્રેસ


**Printed & Published by**

**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૫
સળંગ અંક : ૮૯
**જાન્યુઆરી ૨૦૧૬**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
**email:akramexpress@dadabhagwan.org**
**Website: kids.dadabhagwan.org**



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે.....

દાદાશ્રી : હ્યુમન કોને કહેવાય ? સુખ આપ્યું હોય એને સુખ આપે. દુઃખ આપ્યું હોય એને દુઃખ ન આપે. આવો વ્યવહાર કરે એ મનુષ્યપણું કહેવાય.

પ્રશ્નકર્તા : 'સુપર હ્યુમન' કોને કહેવાય ?

દાદાશ્રી : તમે દસ વખત આ ભાઈનું નુકસાન કરો તોય એ ભાઈ તમારું કામ હોય તે ઘડીએ તમને 'હેલ્પ' કરે ! તમે ફરી એમને નુકસાન કરો તોય તમારે કામ હોય તે ઘડીએ તમને હેલ્પ કરે. એમનો સ્વભાવ જ હેલ્પ કરવાનો છે. એટલે આપણે જાણવું કે આ ભાઈ 'સુપર હ્યુમન' છે. એ અપકાર ઉપરેય ઉપકાર કરે. એ દૈવીગુણ કહેવાય. આમ માનવતાથી આગળ પ્રગતિ માંડવી હોય તો જીવન પરોપકારમાં વાળી દેવું જોઈએ.

પોતાનું સુખ બીજાને આપી દે, પોતાને માટે નિર્માણ થયેલું સુખ, પોતાને જરૂર છે છતાં બીજાને આપી દે, એ સુપર હ્યુમન કહેવાય. એ દેવગતિમાં જાય.

પ્રશ્નકર્તા : પોતાને સુખ ના હોય તો પછી એ બીજાને સુખ કઈ રીતે આપી શકે ?

દાદાશ્રી : એટલે જ ના આપી શકે ને. પણ કોઈક એવો હોય, કરોડોમાં એકાદ માણસ એવો હોય જે પોતાનું સુખ બીજાને આપી દેતો હોય, ત્યારે તે દેવગતિમાં જાય.

સુપર હ્યુમન હોય ત્યારે જ નિખાલસ થાય. નિખાલસ તો એકદમ 'પ્યોર' હોય. એને એક પણ વિચાર 'ઈમ્પ્યૉર' ના આવે.

પ્રશ્નકર્તા : નિખાલસ માણસનો લોકો ગેરલાભ ઉઠાવેને ?

દાદાશ્રી : ના, જે ગેરલાભ લેવા આવ્યો હોય તે સોએક ફૂટ છેટેથી જ અંદર ના આવી શકે. એની શક્તિ જ તૂટી જાય, ફ્રેક્ચર થઈ જાય.

આ જગતનો કુદરતી નિયમ શું છે કે
તમારા પોતાના ફળ બીજાને આપો
તો કુદરત તમારું ચલાવી લેશે.






# આ તો નવી જ વાત

જેટલા પાશવતાના ગુણો ઓછા થતા જાય અને દૈવી ગુણો પ્રગટ થતા જાય એમ કરતા કરતા પાશવતાના ગુણો સંપૂર્ણ નાશ થાય અને દૈવી ગુણો સંપૂર્ણ પ્રગટ થાય તે દેવ, એ જ ઈશ્વર.

આ લાઈફ જો પરોપકાર માટે જશે તો તમને કશી યે ખોટ કે અડચણ નહીં આવે. તમારી જે જે ઈચ્છાઓ છે તે બધી જ પૂરી થશે.



# દાદાશ્રીની વાત.....



એકવાર એવું બન્યું કે દાદા રાતના બાર વાગે એક જણના ઘરે ગયા. એટલે પેલા ભાઈને મનમાં એમ થયું કે કોઈ દહાડો રાત્રે બાર વાગે આવે નહીંને આજે આવ્યા છે માટે કંઈ પૈસા-બૈસા જોઈતા હશે. એટલે મનમાં એમને દાદા માટે ભાવ બગડ્યો.

એના મોઢાં પરના ભાવ બદલાયેલા જોઈને દાદા સમજી ગયા. એમને ખૂબ વિચાર આવ્યા કે આ કાળમાં લોકોને ભાવ બગડતા વાર નથી લાગતી માટે લોકોને નિર્ભય પદ આપો, જેથી એમના ભાવ બગડે જ નહીં.

એટલે એમણે બીજા દિવસે બધા મિત્રોને ભેગા કરીને કહી દીધું કે "તમારે કોઈએ મારું કામ કરવું જ નહીં. એટલે તમને મારો ભય ના લાગે."

મિત્રોએ પૂછ્યું, "એમ કેમ?"

દાદાએ કહ્યું, "હું બે હાથવાળા પાસે કશું માંગતો જ નથી, કારણ કે બે હાથવાળા પોતે જ દુઃખી છે. એની પાસે હું કંઈ આશા રાખતો જ નથી. પણ મારી પાસે તમે એ આશા રાખજો. મારી પાસે તમારું કામ કરાવી જજો. પણ મારું કામ કરશો નહીં."

ત્યારથી લોકો એમને સુપર હ્યુમન કહેવા લાગ્યા કે સુપર હ્યુમન સિવાય કોઈ આવું બોલી શકે નહીં.

# ફોર ચેપ્લીન્સ

વર્લ્ડ વોર - ૨ વખતની આ વાત છે. ફેબ્રુઆરી ૨, ૧૯૪૩ની રાત હતી. યુ.એસ.એ.નું 'ડોર ચસ્ટર' નામનું એક જહાજ ગ્રીનલેન્ડ તરફ જઈ રહ્યું હતું. ન્યુયોર્કથી જાન્યુઆરી ૨૩ના દિવસે નીકળેલું જહાજ પોતાના નિર્ધારિત લક્ષ ગ્રીનલેન્ડથી ફક્ત ૧૫૦ માઈલ દુર હતું.

તે વખતે, જહાજના કેપ્ટનને એમના દુશ્મનો તરફથી ભય સિગ્નલ મળ્યા. જહાજમાં ઉપસ્થિત સર્વ સિપાહીઓને કેપ્ટને લાઈફ-જેકેટ પહેરીને જ સુવાનો ઓર્ડર આપ્યો. પણ લાઈફ જેકેટ પહેરીને ઊંઘવું મુશ્કેલ હોવાથી સિપાહીઓએ કેપ્ટનના ઓર્ડરની અવગણના કરી.

લગભગ રાતના ૧૨:૫૫નો સમય હતો. અમેરીકી દુશ્મનોએ ડોર ચસ્ટર જહાજ ઉપર એક ટોરપીડો (વહાણને પાણીમાંથી ઉડાવી દેવાનું એક સ્ફોટક પદાર્થ ) ફાયર કર્યો. જહાજના કેપ્ટને સહુને ચેતવણી આપી કે લગભગ વીસ મિનીટમાં જહાજ દરિયામાં ડૂબી જશે.

જહાજમાં ગભરાહટ મચી ગયો. ટોરપીડોના બ્લાસ્ટથી ઘણી જાનહાની થઈ અને ઘણાં લોકો ગંભીર ઈજા પામ્યા. એક પછી એક સિપાહીઓ લાઈફ બોટમાં કૂદી રહ્યા હતા.



આ જહાજ પર ચાર પાદરીઓ હતા. આ ચારેવ પાદરીઓ જુદા જુદા ધર્મના હતા. જહાજ પર મચી ગયેલી અંધાધુંધીની વચ્ચે આ પાદરીઓ એક આશાની કિરણ સમાન હતા. મૃત્યુ પામેલા સિપાહીઓ માટે તેઓ પ્રાર્થના કરી રહ્યા હતા અને જીવિત સિપાહીઓને હિંમત આપી રહ્યા હતા.

એ રાતને યાદ કરતા, સોલ્જર વિલિયમ બેડનાર કહે છે, "પાદરીઓના ધૈર્ય અને હિંમત ભરેલા શબ્દોને કારણે જ આજે હું જીવિત છું."

બીજા એક ઓફિસર જોહન મહોની કહે છે, "તે રાત્રે હું મારી કેબીનમાં ગ્લોવ્સ ભૂલી ગયેલો. આટલી કડકડતી ઠંડીમાં ગ્લોવ્સ વગર લાઈફ બોટમાં જવું મુશ્કેલ હતું. જ્યારે હું કેબીનમાં જવા ગયો ત્યારે એક પાદરીએ રોકીને મને કારણ પૂછ્યું. અને મારો સમય બચાવવા માટે તરત જ એમણે પોતાના ગ્લોવ્સ કાઢીને મને આપી દીધા."

ત્યારબાદ પાદરીઓએ સ્ટોરેજ લોકર ખોલીને સહુને લાઈફ જેકેટ્સ વહેંચ્યા. લાઈફ જેકેટ્સ ખૂટી પડ્યા ત્યારે ચારેવ પાદરીઓએ, ચાર ગભરાયેલા સિપાહીઓને પોતે પહેરેલા લાઈફ જેકેટ્સ કાઢીને આપી દીધા.

જે ક્ષણે પાદરીઓએ લાઈફ જેકેટ્સ સિપાહીઓને આપ્યા, તે ક્ષણે ખરી રીતે તો એમણે પોતાનું જીવન જ એ ગભરાયેલા સિપાહીઓને અર્પણ કરી દીધું હતું. આ પાદરીઓ જુદા જુદા ધર્મના હતા પણ લાઈફ જેકેટ આપતા પહેલા એમણે કોઈ સિપાહીને એનો ધર્મ નહોતો પૂછ્યો.

જહાજ જ્યારે ડૂબી ગયું ત્યારે સંકટમાંથી બચી નીકળેલા સિપાહીઓએ, લાઈફ બોટમાંથી, આ ચારેવ પાદરીઓને ત્રાંસા થઈ ગયેલા જહાજ પર, એકબીજાના હાથ પકડીને મોટે અવાજે પ્રાર્થના કરતા સાંભળ્યા.

મિત્રો, પોતાની જાત સહુને સૌથી વહાલી હોય. અને આ વહાલામાં વહાલી જાન, એ ચારેવ પાદરીઓએ બીજા માટે અર્પણ કરી દીધી. પાદરીઓ પાસે તો લાઈફ જેકેટ્સ હતા. જો તેઓ ચાહત તો પોતાની જાન બચાવીને ભાગી શક્યા હોત. પણ આમ કરવાને બદલે, પોતાના લાઈફ જેકેટ્સ બીજાને આપીને, તેઓએ સુપર હ્યુમન જેવું કાર્ય કરી બતાડ્યું.

આ ચાર પાદરીઓના નામ હતા - જ્યોર્જ ફોક્સ, એલેક્સેન્ડર ગુડ, જોહન વોશિંગ્ટન અને કર્લાક પોલીંગ.
અમેરિકાના ઈતિહાસમાં આ ચારેવ પાદરીઓ 'ફોર ચેપ્લીન્સ'ના નામે અમર બની ગયા.





# ઓસીઓલા મેકાર્ટી



અક્રમ એક્સપ્રેસ

આ વાત છે ઓસીઓલા મેકાર્ટીની. ઓસીઓલા એક સામાન્ય મહિલા હતા. પણ એમના અસામાન્ય કાર્યએ એમનું સ્થાન લોકોના હૃદયોમાં અંકિત કરી નાખ્યું.

ઓસીઓલા નાના હતા ત્યારથી એમના આન્ટી સાથે રહેતા હતા. તેઓ જ્યારે છઠ્ઠા ધોરણમાં ભણતા હતા, ત્યારે તેમના આન્ટીની તબિયત બગડી. એમની દેખરેખ કરવા માટે ઓલીઓલાએ પોતાનું ભણતર છોડી દીધું. એમના આન્ટી કપડા ધોવાનું કામ કરતા હતા. ઓસીઓલાએ એમનું કપડા ધોવાનું કામ અપનાવી લીધું. ત્યારબાદ લગભગ ૮૦ વર્ષ સુધી સતત એમણે આ કામ કર્યું. ઓસીઓલા પાસે પોતાના કામ સિવાય બીજું કશું જ નહોતું. તેઓ ખૂબ લગનથી પોતાનું કામ કરતા અને કામને વરદાન સ્વરૂપ ગણતા. એમણે લગ્ન નહોતા કર્યા.

ઓસીઓલાનું જીવન ખૂબ જ સાદગી ભર્યું હતું. પોતાના માટે તેઓ ક્યારેય કોઈ ખર્ચ કરતા નહીં. દસકાઓ સુધી કામ કરીને મેળવેલા પૈસાની બચત કરતા, લગભગ ૮૭ વર્ષની ઉંમરે, એમના બેંક એકાઉન્ટમાં ૧,૫૦,૦૦૦ ડોલરથી પણ વધુ રકમ જમા થઈ ગઈ હતી.

જ્યારે બેંક મેનેજરે ઓસીઓલાને પૂછ્યું કે એ રકમનું તેઓ શું કરવા ઈચ્છે છે, ત્યારે એમણે જવાબ આપ્યો કે ૧,૫૦,૦૦૦ ડોલરની રકમનો ફાળો, તેઓ યુનીવર્સીટી ઓફ સધર્ન મિસીસીપીને વિધાર્થીઓના સ્કોલરશિપ અર્થે આપવા માંગે છે. આશ્ચર્યની વાત તો એ છે કે ઓસીઓલાએ આ રકમ પોતાના મૃત્યુ પછી નહીં પણ તુરંત જ આપી દેવાનો નિર્ણય કર્યો.

પોતાના નિર્ણય વિષે ઓસીઓલાએ કહ્યું, "મારી સંપત્તિ હું વિધાર્થીઓ સાથે શેર કરવા માંગુ છું. મેં મારી જિંદગીમાં ખૂબ કામ કર્યું છે. પણ આ સંપત્તિ હું વિધાર્થીઓ માટે ફાળવું છું, જેથી એમને મારા જેવી મજુરી ના કરવી પડે."

પોતાના ફાળાના બદલામાં ઓસીઓલાને કશું જ જોઈતું ના હતું. યુનીવર્સીટીમાં પોતાના નામનું કોઈ બિલ્ડીંગ હોય કે પછી પોતાની પ્રતિમા મુકવામાં આવે, એવું ઓસીઓલાને નહોતું જોઈતું. એમને ફક્ત એક જ અભિલાષા હતી કે એમના તરફથી ફાળવેલી સ્કોલરશિપ મેળવીને જે વિધાર્થીઓ પદવી મેળવે, એમાંથી કોઈ એક વિધાર્થીને પદવી મળે ત્યારે તેઓ હાજર રહે.

એક જર્નાલીસ્ટે ઓસીઓલાને પૂછ્યું, "આ પૈસા તમે તમારા માટે કેમ ન વાપર્યા?" ત્યારે ઓસીઓલાએ જવાબ આપ્યો, "આ પૈસા મેં મારા માટે જ વાપર્યા છે."

મહામહેનતે ભેગું કરેલું ધન તેઓ પાછલી ઉંમરમાં પોતાના માટે પણ ખર્ચી શકતા હતા. પણ આખી જિંદગી તેઓએ પોતાના સુખ-ચેન માટે વિચાર જ નહોતો કર્યો. તેઓએ પોતાના માટે એક ગાડી પણ નહોતી વસાવી.

આમ, પોતાના સુખનો વિચાર કર્યા વગર, પોતાનું ધન એમણે વિધાર્થીઓના ભણતર માટે ફાળવ્યું. આવી નોબિલિટીનું કાર્ય કોઈ સુપર હ્યુમન જ કરી શકે !

# માતા રખુબાઈ



નાનકડા વિનાયકના ઘરે એક ગરીબ ઘરનો છોકરો રહેતો હતો. ઘરમાં ક્યારેક ખાવાનું ખૂટી પડે તો એમની માતા પોતે ટાઢું અને વાસી ખાવાનું ખાતી, ક્યારેક વિનાયકને પણ વાસી ખાવાનું આપતી પણ એ ગરીબ બાળકને ક્યારેય વાસી કે ટાઢું ખાવાનું આપતી નહીં.

આથી વિનાયકને નવાઈ લાગતી હતી. એણે એક દિવસ માને કહ્યું 'મા, તું કહે છે કે આપણે બધાને સરખા ગણવા જોઈએ, તો તું મારામાં અને આ છોકરામાં આવો ભેદભાવ કેમ રાખે છે ? મને કોઈ વાર વાસી ખાવાનું આપે છે, તો એને કેમ નથી આપતી ?'


જવાબમાં માએ પુત્રને ખોળામાં લઈ, એના માથે હાથ ફેરવતાં કહ્યું 'બેટા, તારી વાત સાચી છે. હજી મારામાંથી ભેદભાવ ગયો નથી. એનું કારણ એવું છે કે તું મને પુત્ર સ્વરૂપ દેખાય છે અને પેલો છોકરો મને ભગવાન સ્વરૂપ દેખાય છે !'

કેવી અદ્‌ભૂત છે આ માતા ! નાનપણથી જ પોતાના બાળકને સૌમાં ભગવાન જોવાનું શીખવ્યું અને પોતાનું સુખ બીજાને આપી દેવાના સંસ્કાર આપ્યા. જે માતાનું આવું સંસ્કાર સિંચન હોય, એનો પુત્ર પણ અદ્‌ભૂત હોય એમાં નવાઈ નથી. આ પુત્ર હતો વિશ્વ વિખ્યાત સંત વિનોબા ભાવે અને એમની માતાનું નામ હતું રખુબાઈ.

વિનોબા જ્યારે એકવીસ વર્ષના થયા ત્યારે તેમણે કાશી જઈ સાધના કરવાનો નિશ્ચય કર્યો. આ વાત જ્યારે બહાર ફેલાઈ, ત્યારે કોઈ બાઈએ ટીકા કરી 'આજકાલના છોકરાઓનું ભલું પૂછવું ! દુ:ખ વેઠીને મોટા કરીએ ને ભાગી જાય !'

તરત વિનોબાની માતાએ કહ્યું 'મારો દિકરો ભાગી ગયો નથી. એણે તો પોતાની સાધના અને લોક-કલ્યાણ માટે ગૃહ ત્યાગ કર્યો છે.' ઘડપણમાં પુત્ર પોતાની ચાકરી કરશે, એવી માતા રખુબાઈને આશા નહોતી. પણ પુત્રને પોતાના કલ્યાણ અને લોક-કલ્યાણ અર્થે સમર્પણ કરવાનું એમને ગૌરવ હતું ! કેવો અદ્‌ભૂત દૈવી ગુણ ! પુત્રે પણ પોતાની દેવી જેવી માતાનું સમર્પણ દિપાવ્યું ! ગાંધીજીના યજ્ઞમાં જોડાઈને સંત વિનોબા ભાવેએ દેશના ઉદ્ધાર માટે પોતાનું આખું જીવન ખર્ચી કાઢ્યું !

# મારું જીવન એ જ મારો સંદેશ !



'હાડમાંસનો બનેલો આવો એક મનુષ્ય પૃથ્વી પર અવતર્યો હતો એવું આવનારી પેઢીઓ માનવા ભાગ્યે જ તૈયાર થશે.' વિશ્વ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને ગાંધીજી વિશે કરેલી આ વાત છે.

બીજી ઑક્ટોબર ૧૮૬૯ના દિવસે પોરબંદરમાં જન્મેલો મોહનદાસ કરમચંદ ગાંધી નામનો છોકરો, ૭૯ વર્ષની ઉંમરે, ત્રીસમી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે મહાત્મા ગાંધી બનીને મૃત્યુ પામ્યા. ગાંધીજી માનવમાંથી મહામાનવ કેવી રીતે બન્યા ? ચાલો, એમના જીવન પ્રસંગોની થોડી ઝાંખી મેળવીએ.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી એક સફળ વકીલ હતા. પણ ગાંધીજીને પોતાના અંગત નફા કે કીર્તિની પડેલી નહોતી. કોઈપણ મુશ્કેલ કેસને તેઓ સેવા માટે આવી પડેલી તક સમજીને પાર પાડતા. આવા વલણથી એમણે સાઉથ આફ્રિકામાં વસેલા ભારતીયો અને ત્યાંની અમુક પ્રજાના દિલ જીતી લીધા.

નિઃસ્વાર્થ સેવાનું આદર્શ ગાંધીજીના જીવનમાં વણાવા લાગ્યું. ધીરે ધીરે ભૌતિક સુખો ગાંધીજીને એમના સેવાના કાર્યોમાં અડચણ રૂપ લાગવા લાગ્યા. અને તેથી તેમણે અત્યંત સાદગીભર્યું જીવન અપનાવ્યું. જેમ જેમ ગાંધીજી બીજા માટે પોતાનો સમય ફાળવતા ગયા, તેમ તેમ તેમનો આનંદ અને મુક્તતા વધતા ગયા. સેવાના કાર્યો માટે સાઉથ આફ્રિકામાં એમણે એક આશ્રમ સ્થાપ્યો.

ગાંધીજીની સેવાથી પ્રભાવિત થઈ, ત્યાંના અમુક ભારતીયોએ એક વખત ગાંધીજીને કિંમતી સોના-ચાંદીની ભેટ સોગાદો મોકલાવી. આ ભેટ સોગાદોમાં કસ્તુરબા માટે એક હીરાનો હાર પણ હતો.

પોતાની સેવાના બદલામાં જેણે કોઈ જ અપેક્ષા ના હોય, તે આવી ભેટ સોગાદો કેવીરીતે કબૂલ કરે ? બીજા દિવસે ગાંધીજીએ એ ભેટો, લોક-કલ્યાણના કાર્ય માટે ટ્રસ્ટને સોંપી દીધી. આમ, ગાંધીજીના જીવનમાં નિઃસ્વાર્થ સેવાના બીજ સાઉથ આફ્રિકામાં રોપાયા હતા.

ભારત પાછા ફર્યા પછી ગાંધીજીએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ



શરૂ કર્યો. એક વખત એક વેસ્ટર્ન પત્રકારે ગાંધીજીને પૂછ્યું, "મિસ્ટર ગાંધી, છેલ્લા પચાસ વર્ષથી આપ રોજ દિવસના પંદર કલાક કામ કરો છો. તમને નથી લાગતું કે તમારે એક વેકેશન પર જવું જોઈએ ?"

ગાંધીજીએ જવાબ આપ્યો, "કેમ ? હું તો રોજ વેકેશન પર જ હોઉં છું." આમ, ગાંધીજીને પોતાના કાર્યોનો કોઈ બોજો જ નહોતો કારણ કે એમને પોતાના કાર્યના બદલામાં માન કે કીર્તિની કોઈ અપેક્ષા જ નહોતી. નિઃસ્વાર્થ ભાવે, તેઓ પોતાનું કાર્ય કરે જતા હતા.

બીજા માટે જીવન ખર્ચ કરવાની આદર્શ ભાવનાના કારણે, સિત્તેર વર્ષની ઉંમરે ગાંધીજીની કાર્યક્ષમતા જેટલી યુવાનીમાં હતી એના કરતા અનેક ગણી વધુ થઈ ગઈ હતી.

ગાંધીજીનો બીજો એક અદ્‌ભૂત ગુણ હતો - અપકારનો બદલો ઉપકાર.

ગાંધીજીએ પોતાની આત્મકથા, 'સત્યના પ્રયોગો'માં લખ્યું છે : 'અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે' એ વાક્ય મારી જીંદગીનું સૂત્ર બની ગયું.અપકારીનું ભલું ઈચ્છવું ને કરવું એ મારા જીવનનો ભાગ થઈ પડ્યો.







તેના અગણિત અખતરાઓ એમણે આદર્યા.

આફ્રિકામાં પોતાના પર હુમલો કરનાર મીર આલમને ક્ષમા કરી તેના પર કેસ ન કરવો જોઈએ એવું વલણ એમણે લીધું હતું.

એમના મૃત્યુના થોડા દિવસ પહેલાં જ પ્રાર્થના સભા નજીક બોમ્બ ફોડનાર પ્રત્યે પણ તેમણે કેવળ પ્રેમનાં જ વચનો કહ્યા હતા.

એક દિવસ આશ્રમના રસોડામાં કોઈ ચોર રાત્રે પેસી ગયો. કેટલાક આશ્રમવાસીઓએ એને પકડી પાડ્યો અને એક ઓરડીમાં પૂરી રાખ્યો. સવારે એને ગાંધીજી સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

સવારે પોતાના નિત્યક્રમમાંથી પરવારી ગાંધીજી નાસ્તો કરવા બેઠાં. ત્યારે પેલા ચોરને એમની સમક્ષ હાજર કરવામાં આવ્યો. કેવા સંજોગોમાં ચોર પકડાયો તે બધી વાતો ગાંધીજીને કહેવામાં આવી. ગાંધીજી મૂંગા મૂંગા આ બધું સાંભળી રહ્યા હતા. પછી શાંતિથી પૂછ્યું : 'એને નાસ્તો કરાવ્યો કે ?'

આશ્રમવાસીઓ : 'ના, બાપુ !'

'અરે ! ચોરને નાસ્તો !' પાસે ઊભેલા કેટલાક ભાઈઓ મનમાં ગણગણ્યા. ચોરને નાસ્તો કરાવવામાં આવ્યો. પછી ફરીથી ગાંધીજી પાસે એને લાવવામાં આવ્યો. ગાંધીજીએ એને પ્રેમપૂર્વક સમજાવ્યું, 'ભાઈ, આવી રીતે તમારે ચોરી ન કરવી જોઈએ. ગરીબાઈના કારણે ચોરી કરવી પડતી હોય તો આશ્રમમાં અમે તમને કામ આપીશું.'

અંતે ચોરને પોલીસને હવાલે ન કરતાં એને છોડી મૂકવાનો ગાંધીજીએ આદેશ કર્યો. ચોરને ત્યારે આશ્ચર્ય થયું ! આવા હતા આપણા ગાંધીબાપુ.

એક દિવસ ગાંધીજીની ટ્રેન સ્ટેશન પરથી નીકળી રહી હતી, ત્યારે એક રિપોર્ટર હાંફતો હાંફતો ગાંધીજી પાસે આવ્યો અને પ્રજા માટે ગાંધીજીને એક સંદેશ આપવા કહ્યું. ગાંધીજીએ એક કાગળના ટુકડા પર લખી આપ્યું, "મારું જીવન એ જ મારો સંદેશ."

# અપકારનો બદલો ઉપકાર

"ગઈકાલે બદરીને કારણે મારી દીકરીનો લગ્ન પ્રસંગ સચવાઈ ગયો. એણે જે મહેનત કરી છે એવી મહેનત તો કોઈ સગું-વહાલું પણ ના કરે. જાણે પોતાની જ દીકરીના લગ્ન હોય એવા આનંદ ઉલ્લાસથી કામ કરતો હતો." ગામની પાદરે બેઠેલો સુખીરામ ભાઈબંધુઓ સાથે વાતચીત કરી રહ્યો હતો.

"ખરું કહે છે. લગ્ન પ્રસંગ હોય કે માંદગીનો, બદરી હંમેશા આપણા માટે હાજર જ હોય છે !" સુખીરામની વાતમાં બીજા ભાઈબંધુઓ પણ સહમત થયા. અને થાય પણ ખરા જ ને ? બદરી જેવો પરોપકારી જીવ ગામમાં મળવો મુશ્કેલ હતો. ગામમાં કોઈને કંઈ પણ મદદ જોઈએ તો બધાને સૌથી પહેલા બદરી યાદ આવે.



બદરી એની પત્ની અને બે બાળકો સાથે એક ઝૂંપડીમાં રહેતો. મહેનત કરીને ખેતી કરતો અને પોતાના પરિવારના ભરણ-પોષણ માટે પૂરતું ધન રળતો.

ગામમાં સહુ કોઈ બદરીને ચાહે, સિવાય કે માધવ. માધવ બદરીનો પાડોશી હતો. વ્યવસાયે એ પણ બદરીની જેમ ખેડૂત હતો, પણ સ્વભાવે ખૂબ જ આળસુ. એટલે એની ખેતીમાં કોઈ ભલીવાર ના આવતો. દર વર્ષે ફસલ તૈયાર થાય ત્યારે બદરીને ખાસ્સી કમાણી થતી જ્યારે માધવ મહામુશ્કેલીથી પોતાના પરિવારનું પૂરું કરી શકતો. બદરીની કમાણી જોઈ માધવને ખૂબ ઈર્ષા થતી. કેમ કરીને બદરીને નીચે પાડું, એ જ રમણતામાં એ રહેતો.

પણ બદરીને એના પાડોશી પ્રત્યે એટલો જ ભાવ હતો, જેટલો કે બીજા બધા ગામવાસીઓ માટે. માધવનો પાક બરાબર ના થતો, એટલે દર વર્ષે બદરી પોતાની ફસલ માંથી થોડો ભાગ માધવના ઘરે મોકલાવતો. એટલું જ નહીં, પણ પોતાના બાળકોના વાંચન માટે જે સારા સારા પુસ્તકો તે લાવતો, એ માધવના બાળકોને પણ આપતો. ઘરે કોઈ સારી વાનગી બનાવી હોય, તો માધવના ઘરે અચૂક

મોકલાવતો.

આટલું બધું કરવા છતાંય જ્યારે બદરીનું નાનું અમથું કામ કરવાનું હોય ત્યારે માધવ મોઢું ફેરવી લેતો. પણ બદરી ક્યારેય માધવનું માઠું ના લગાડતો.

એક દિવસ સાંજે ફળિયામાં બેસી માધવના બાળકો સરસ મજાની મીઠાઈ ખાઈ રહ્યા હતા. "એ મોહનિયા, આ મીઠાઈ ક્યાંથી આવી ?" માધવે પૂછ્યું.

"બાપુ, બદરીકાકા લાવ્યા છે. ગોપાલભાઈને શહેરની બહુ સારી શાળામાં દાખલો મળ્યો છે. એની ખુશીમાં બદરીકાકા આ મીઠાઈનો ડબ્બો આપી ગયા છે," મીઠાઈનું ચકતું મોઢામાં રાખીને મોહને જવાબ આપ્યો.


પોતાના દીકરાને શહેરની ખૂબ સારી શાળામાં દાખલો મળ્યો છે એ જાણીને બદરીની ખુશીનો પાર નહોતો. આખા ગામમાં એને મીઠાઈ વહેંચી હતી. માધવને બદરીની ખુશી રુચી નહીં.


"હું જોઉં છું કે એ કેવીરીતે એના દીકરાને શહેરની શાળામાં મોકલે છે," ઈર્ષાની અગ્નિમાં બળતા માધવે વિચાર્યું. અને તે રાત્રે માધવે ના કરવાનું કર્યું. કોઈને જાણ ના થાય તે રીતે એણે બદરીના ખેતરમાં આગ ચાંપી દીધી.

તે જ વખતે યોગાનુયોગ સુખીરામ ત્યાંથી પસાર થયો. ફટાફટ એણે બદરીને જગાડ્યો. બધા ગામવાસીઓએ મળીને આગ ઓલવી. આગ તો ઓલવાઈ ગઈ, પણ સાથે સાથે બદરીનું સ્વપ્ન પણ ઓલવાઈ ગયું. પુત્રની ફી માટે પૈસા ફસલ વેચીને ભેગા કરવાના હતા. તે વર્ષે બદરી પોતાના પુત્રને શહેરની શાળામાં ના મોકલી શક્યો.

"બદરી, હું સાચું કહું છું. માધવે જ તારા ખેતરમાં આગ લગાડેલી. તે રાત્રે મેં એને તારા ખેતરમાંથી બહાર નીકળતો જોયેલો. આપણે પંચાયતમાં એની ફરિયાદ કરીએ. એને સજા અપાવીએ." સુખીરામે બદરીને કહેલું. પણ બદરીએ ચોખ્ખી ના પાડી દીધી હતી. ઉપરાંત, એણે સુખીરામ પાસે વચન પણ માંગેલું કે એ કોઈને આ વાતની જાણ ના કરે.

એ બનાવ પછી બદરી ખૂબ ગુમસુમ રહેવા લાગ્યો હતો. ગામના લોકો સાથે એણે હળવા મળવાનું ઓછું કરી દીધું હતું. અચાનક એક રાત્રે એને માધવના ઘરમાંથી





રડવાનો અવાજ સંભળાયો. બહાર નીકળીને જોયું તો માધવની ઝૂંપડીની બહાર મોટી ભીડ જમા થઈ ગઈ હતી.

"શું થયું ભાઈ ?" બદરીએ પૂછ્યું.

"માધવના દીકરા મોહનની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. ગામના વૈદ્ય પાસે મોહનની બીમારીનો કોઈ ઈલાજ નથી."

એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, દસ માઈલ છેટે આવેલા નગરથી, બદરી એક જાણીતા ડૉક્ટરને લઈ આવ્યો. ડૉક્ટરે તરત જ ઈલાજ શરૂ કરી દીધો. થોડા જ કલાકોમાં મોહનની સ્થિતિમાં સુધારો થવા લાગ્યો.

માધવની ખુશીનો પાર ના રહ્યો. બદરીનો એ જેટલો આભાર માને તેટલો ઓછો હતો. પણ, પોતે જે કર્યું હતું, તે પછી બદરીનો સામનો કરવો એના માટે ખૂબ મુશ્કેલ હતું. હિંમત ભેગી કરીને એ બદરીની ઝૂંપડીએ ગયો.



"માધવ, આવ ભાઈ. મોહનને સારું છે ને હવે ?" ફળિયામાં બેઠેલા બદરીએ મોહનને આવકાર આપ્યો.

"હા, ઘણું સારું છે. કાલે ખરા ટાઈમે તું ડૉક્ટરને ના લાવ્યો હોત તો....." આટલું બોલતા માધવની આંખો છલકાઈ ગઈ.

"ખરું કહે છે માધવ, તું તો બદરીનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે." બાજુમાં બેઠેલા સુખીરામે માધવને કહ્યું.

માધવે આંસુ લૂછ્યા અને થોડો સ્વસ્થ બન્યો. પછી બે હાથ જોડીને બદરીને કહ્યું, "હું તારો ગુનેગાર છું ભાઈ. તે દિવસે તારા ખેતરમાં આગ મેં લગાવી હતી. તું મને જે સજા આપે તે ભોગવવા હું તૈયાર છું."

બદરીએ માધવના હાથ પોતાના હાથમાં લઈ લીધા. બદરી કશું કહે એ પહેલા જ સુખીરામ બોલી ઉઠ્યો, "તને શું લાગે છે માધવ, બદરીને આ વાતની જાણ નહોતી ? બદરી જાણતો હતો કે આવું ભયંકર કુકર્મ તે જ કર્યું હતું." એ બનાવને યાદ કરતા સુખીરામનું લોહી ઉકળી ઉઠ્યું.

"ખરેખર ?" માધવની આંખોમાં ફરી આંસુ આવી ગયા, "તેમ છતાંય તે મારા દીકરાની જાન બચાવી ?"

સુખીરામ થોડો શાંત પડ્યો અને બોલ્યો, "કોઈ ગમે તેટલો અપકાર કરે, પણ એની મુશ્કેલીમાં બદરીને તો ફક્ત ઉપકાર કરતાં જ આવડે છે. આજ તો બદરીની ખાસિયત છે ને !" અને માધવ બદરીને ભેટી પડ્યો.

ભયંકર અપકારનો બદલો પણ બદરીએ ઉપકારથી વાળ્યો એ વાતની માધવ પર ઊંડી અસર થઈ. તે દિવસથી માધવમાં ખૂબ બદલાવ આવ્યો.

જ્યારે લોકો એને એના બદલાવનું રહસ્ય પૂછતાં ત્યારે એ કહેતો, "બદરીની સરળતા અને પ્રેમે મને જીતી લીધો !"



# મીઠી યાદેં

દાદાના વખતની વાત છે. એક સત્સંગ કાર્યક્રમ માટે અમુક ગામના પચ્ચીસેક મહાત્માઓને બીજે ગામ જવાનું હતું. બધાનું બુકિંગ કરાવવાની જવાબદારી નીરૂમાની હતી. જ્યારે નામ લખાવ્યા ત્યારે અમુક મહાત્માઓએ ટીકીટના પૈસા નહોતા આપ્યા.

સંજોગો અનુસાર અમુક મહાત્માઓને સત્સંગમાં જવાનું રદ કરવું પડ્યું. નીરૂમાએ એ બધાની ટીકીટ કેન્સલ કરાવી લીધી. પણ કેન્સલ થનાર મહાત્માઓને એવો ખ્યાલ ન રહ્યો કે તેઓ ટીકીટ કેન્સલ કરાવતી વખતે કપાયેલા પૈસા નીરૂમાને ચૂકવી દે.સામે નીરૂમાની ખાનદાની પણ એવી જબરજસ્ત હતી કે એમણે કોઈ મહાત્મા પાસે કેન્સલેશન ફી માંગી નહીં. એટલું જ નહીં, એમણે એ મહાત્માઓને ક્યારેય આ વાતની જાણ પણ થવા ન દીધી !

દાદાશ્રી કાયમ કહેતા કે 'ખાનદાન તો આપતાય ઘસાય અને લેતાય ઘસાય.'

નીરૂમા આવી જ ખાનદાનીના જીવતા જાગતા ઉદાહરણ હતા.

## પૂનામાં ભવ્ય રીતે ઉજવાયેલ દાદાનો ૧૦૮મો જન્મજયંતિ મહોત્સવની ઝલક



કેક આપતા પૂજ્યશ્રી

કલ્ચરલ પરફોમન્સ



બાળકોને કેડબરી આપતા પૂજ્યશ્રી



જાદૂઈ ચશ્મા

બાલવિજ્ઞાન બુક્સનું ઓપનિંગ









ચીલ્ડ્રન પાર્ક




વિવિધ સ્કૂલના બાળકો



આગ બબુલા



ઈન્ટરવ્યુ આપતી બાળા

Akram Express

January 2016
Year : 8, Issue : 5
Conti. Issue No.: 89

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...

એક વખત એક માણસ ગ્રીસ દેશના મોટા તત્વજ્ઞાની ડાયોજિનીસની પાસે આવીને પોતે પણ કેટલો મોટો જ્ઞાની છે એ બતાવવા ડંફાસ મારતો કહેવા લાગ્યો, "તમે તો શું, તમારા કરતાંય મોટા મોટા વિદ્વાનોને હું મળ્યો છું, તેમની સાથે તત્વજ્ઞાનની કેટલીય વાતચીત કરી છે."

ડાયોજિનીસ ધીમા સ્વરે બોલ્યો, "એમ? મેં પણ દુનિયાના મોટા મોટા ધનવાનો જોયા છે, તેમને મળ્યો પણ છું, તેમની સાથે ઘણી વાતચીત પણ કરી છે, પરંતુ આમ કરવાથી હું ધનવાન નથી બન્યો !"



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.